P.07



કરિના કપૂરે સૈફ અલી ખાન સાથે લગ્ન કર્યા પછી અભિનય પર કોઈ સમાધાન કર્યું નથી

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

# લોક પત્રિકા

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

P.07



પહેલા પતિના ત્રીજા લગ્નના બે વર્ષ પછી, 'બિદાઈ' ફેમ અભિનેત્રીએ ફરીથી લગ્ન કર્યા

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૪ અંક : ૬૯ । વિક્રમ સંવત ૨૦૮૧ : આસો વદ ૦૩ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 04 • Issue : 69 • Dt.10-10-2025 Friday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125

યુએસ સહાય કાપ પછી મ્યાનમારમાં બાળકો ભૂખમરાનો સામનો કરી રહ્યા છે

07



10
OCTOBER- 2025
FRIDAY



07

ચોસઠ જેટલી કંપનીઓ યુકેમાં ૧.૩ બિલિયનનું રોકાણ કરશે । જેનાથી ૭,૦૦૦ નવી નોકરીઓનું સર્જન થશે




**ઓટો, ફાર્મા, ડેરી અને ગ્રીન એનર્જી પર ખાસ ફોકસ**

પ્રથમવાર રિજિયોનલ સ્તરે કોન્ફરન્સ શરૂ કરવામાં આવી છે, જેથી સ્થાનિક ઉદ્યોગપતિઓ, યુવા ઉદ્યોગ સાહસિકો અને સ્ટાર્ટઅપ્સને પણ વૈશ્વિક રોકાણકારો સાથે સીધો સંપર્ક અને નેટવર્કિંગનો અવસર મળે.બે દિવસીય આ કોન્ફરન્સમાં ઉદ્યોગપતિઓ, સરકારી સંસ્થાઓ, વિદેશી વેપારગૃહો, શૈક્ષણિક તથા સંશોધન સંસ્થાઓ સહીત વિવિધ ક્ષેત્રોના પ્રતિનિધિઓ એક મંચ પર આવશે

# મહેસાણામાં વાઇબ્રન્ટ ગુજરાત રિજિયોનલ કોન્ફરન્સનો પ્રારંભ

**ડેલિગેટ્સને મારુતિ સુઝુકી, હોન્ડા મોટર્સ, બનાસ ડેરી, દૂધસાગર ડેરી, સાબર ડેરી તથા ફણીધર ફૂડ પાર્ક જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓની ઉત્પાદન પ્રક્રિયા, કાચા માલની ઉપલબ્ધતા અને માર્કેટ એક્સપાન્શનની તકો અંગે માહિતી અપાશે**

। પ્રતિનિધિ, મહેસાણા, તા.૯ ।

ગુજરાતમાં ઉદ્યોગ વિકાસ અને રોકાણના નવા દ્વાર ખોલવા માટે વાઈબ્રન્ટ ગુજરાત રિજિયોનલ કોન્ફરન્સનો પ્રારંભ આજે મહેસાણાના ગણપત યુનિવર્સિટીમાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે થયો. રાજ્યમાં પ્રથમવાર આયોજિત આ પ્રાદેશિક કોન્ફરન્સમાં ઓટો, ફાર્મા, ડેરી અને ગ્રીન એનર્જી જેવા ચાર મુખ્ય ક્ષેત્રોમાં રોકાણ આકર્ષવા પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.દર બે વર્ષે યોજાતી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ રાજ્યના ઉદ્યોગ વિકાસ માટે એક આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ બની ચૂકી છે. પરંતુ આ વખતે પ્રથમવાર રિજિયોનલ સ્તરે કોન્ફરન્સ શરૂ કરવામાં આવી છે, જેથી સ્થાનિક ઉદ્યોગપતિઓ, યુવા ઉદ્યોગ સાહસિકો અને સ્ટાર્ટઅપ્સને પણ વૈશ્વિક રોકાણકારો સાથે સીધો સંપર્ક અને નેટવર્કિંગનો અવસર મળે.બે દિવસીય આ કોન્ફરન્સમાં ઉદ્યોગપતિઓ, સરકારી સંસ્થાઓ, વિદેશી વેપારગૃહો, શૈક્ષણિક તથા સંશોધન સંસ્થાઓ સહીત વિવિધ ક્ષેત્રોના પ્રતિનિધિઓ એક મંચ પર આવશે. વિદેશના ૨૧૬ પ્રતિનિધિઓ અને ૩૫ આંતરરાષ્ટ્રીય કંપનીઓએ ભાગ નોંધાવ્યો છે.



**જાપાન, દક્ષિણ કોરિયા, વિયેતનામ અને નેધરલેન્ડ્સ સહિતના દેશોના પ્રતિનિધિઓ કોન્ફરન્સમાં ઉપસ્થિત રહ્યા**

જાપાન, દક્ષિણ કોરિયા, વિયેતનામ અને નેધરલેન્ડ્સ સહિતના દેશોના પ્રતિનિધિઓ કોન્ફરન્સમાં ઉપસ્થિત રહ્યા. કોન્ફરન્સમાં કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવ, ઈસરોના ચેરમેન ડૉ. વી. નારાયણન, વિશ્વ બેંકના વાઇસ પ્રેસિડેન્ટ જોહાન્સ ઝુટ્ટ, ટોરેન્ટ ગ્રુપના વાઇસ ચેરમેન જીનલ મહેતા અને અદાણી સિમેન્ટના મેનેજિંગ ડિરેક્ટર કરણ અદાણી સહિતના ઉદ્યોગજગતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.આ અવસરે ઉદ્યોગકારો, સ્ટાર્ટઅપ્સ અને વિદ્યાર્થીઓ માટે વિવિધ ઔદ્યોગિક એકમોની મુલાકાતનું આયોજન પણ કરવામાં આવ્યું છે. ડેલિગેટ્સને મારુતિ સુઝુકી, હોન્ડા મોટર્સ, બનાસ ડેરી, દૂધસાગર ડેરી, સાબર ડેરી તથા ફણીધર ફૂડ પાર્ક જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓની ઉત્પાદન પ્રક્રિયા, કાચા માલની ઉપલબ્ધતા અને માર્કેટ એક્સપાન્શનની તકો અંગે માહિતી અપાશે.

## વડનગર, અંબાજી, પાટણની રાણીની વાવ, મોઢેરા સૂર્યમંદિર અને નડાબેટ જેવા ઐતિહાસિક - ધાર્મિક સ્થળોની મુલાકાત પણ યોજાશે

વડનગર, અંબાજી, પાટણની રાણીની વાવ, મોઢેરા સૂર્યમંદિર અને નડાબેટ જેવા ઐતિહાસિક તથા ધાર્મિક સ્થળોની મુલાકાત પણ યોજાશે.ગુજરાત પરંપરાગત રીતે કૃષિ, ફૂડ પ્રોસેસિંગ, કેમિકલ-પેટ્રોકેમિકલ, ટેક્સટાઈલ, જેમ્સ-જ્વેલરી અને એન્જિનિયરિંગ ક્ષેત્રમાં અગ્રેસર રહ્યું છે. હવે રાજ્ય સરકારનું ધ્યેય ઉદયમાન ક્ષેત્રો — જેમ કે સેમિકન્ડક્ટર, ઈલેક્ટ્રિક મોબિલિટી, એરોસ્પેસ, ડિફેન્સ અને ગ્રીન એનર્જીમાં ગુજરાતને રાષ્ટ્રીય લીડર બનાવવાનું છે. ગુજરાતમાં ઉદ્યોગ વિકાસ અને રોકાણના નવા દ્વાર ખોલવા માટે વાઈબ્રન્ટ ગુજરાત



રિજિયોનલ કોન્ફરન્સનો પ્રારંભ આજે મહેસાણાના ગણપત યુનિવર્સિટીમાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે થયો. રાજ્યમાં પ્રથમવાર આયોજિત આ પ્રાદેશિક કોન્ફરન્સમાં ઓટો, ફાર્મા, ડેરી અને ગ્રીન એનર્જી જેવા ચાર મુખ્ય ક્ષેત્રોમાં રોકાણ આકર્ષવા પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.દર બે વર્ષે યોજાતી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ રાજ્યના ઉદ્યોગ વિકાસ માટે એક આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ બની ચૂકી છે. પરંતુ આ વખતે પ્રથમવાર રિજિયોનલ સ્તરે કોન્ફરન્સ શરૂ કરવામાં આવી છે, જેથી સ્થાનિક ઉદ્યોગપતિઓ, યુવા ઉદ્યોગ સાહસિકો અને સ્ટાર્ટઅપ્સને પણ વૈશ્વિક રોકાણકારો સાથે સીધો સંપર્ક અને નેટવર્કિંગનો અવસર મળે.બે દિવસીય આ કોન્ફરન્સમાં ઉદ્યોગપતિઓ, સરકારી સંસ્થાઓ, વિદેશી વેપારગૃહો, શૈક્ષણિક તથા સંશોધન સંસ્થાઓ સહીત વિવિધ ક્ષેત્રોના પ્રતિનિધિઓ એક મંચ પર આવશે.

## ન્યૂઝ બ્રિફ

### વડોદરામાં વાંદરાને કારણે રીક્ષાનો અકસ્માત : ત્રણ ઇજાગ્રસ્ત

। પ્રતિનિધિ, વડોદરા, તા.૯ ।

વડોદરાના સાકરદા રોડ પર એક અસામાન્ય અકસ્માત બન્યો છે. રસ્તા પર અચાનક વાંદરો કૂદી પડવાને કારણે એક રીક્ષા પલટી ગઈ હતી, જેમાં ત્રણ મુસાફરોને ઈજા પહોંચી હતી. પોલીસે આ મામલે રીક્ષાચાલક વિરુદ્ધ ગુનો નોંધ્યો છે.આ ઘટના અંગે રણોલી ખાતે ખાનગી કંપનીમાં નોકરી કરતા રાજેશભાઈ ઝાલા મકવાણાએ પોલીસને જાણ કરી હતી. તેમણે જણાવ્યું કે, ગત તારીખ ૧ ના રોજ તેઓ સાકરદાથી રણોલી નોકરી પર જઈ રહ્યા હતા.

### જામનગરમાં ચોરાઉ સ્કૂટર સાથે બે આરોપીઓ ઝડપાયા

। પ્રતિનિધિ, જામનગર, તા.૯ ।

જામનગરમાં ત્રણેક દિવસ પહેલા એક સ્કૂટરની ચોરી થવા પામી હતી. આ સ્કૂટર ચોરીનો ભેદ પોલીસે ઉકેલી નાખીને બે આરોપીને ઝડપી પાડ્યા છે. અને ચોરાઉ સ્કૂટર કબજે કર્યું છે.જામનગર સીટી એ ડીવી. પો.સ્ટે. વિસ્તારમાં સર્વેલન્સ સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન સર્વેલન્સ સ્ટાફને અંગત બાતમીદારોથી હકિકત મળેલ હોય કે બે ઈસમો ચોરાઉ સફેદ કલરનું એક્સેસ મોટર સાયકલ સાથે ઉભેલા છે.

**બહિયલ ગામમાં નવરાત્રીમાં**

# પથ્થરમારા બાદ તંત્ર એક્શન મોડમાં । ૧૮૬ ગેરકાયદેસર એકમોનું ડિમોલિશન કરાયું !!

**ગાંધીનગરના એસપી, રવિ તેજા વાસમ શેટ્ટી સહિત ત્યાં એક હજારથી વધુ પોલીસ અને અન્ય અધિકારીઓનો કાફલો તૈનાત હતો**

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૯ ।

નવરાત્રિના બીજા નોરતાની રાતે બહિયલ ગામમાં બે જૂથો વચ્ચે મારામારી, વાહનો તથા દુકાનોમાં તોડફોડ - આગચંપી અને પથ્થરમારાની ઘટના ઘટી હતી. આ સાથે ટોળાએ પોલીસ પર પણ હુમલો કર્યો હતો. જે બાદ ગાંધીનગર પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી છે. આજે વહેલી સવારથી જ બહિયલ ગામમાં મેગા ડિમોલિશન હાથ ધરવામાં આવ્યું છે. બહિયલ ગામના બજારોમાં આવેલા ગેરકાયદેસર બાંધકામો પર બુલડોઝર ફેરવવામાં આવી રહ્યું છે. ગાંધીનગરના એસપી, રવિ તેજા વાસમ શેટ્ટી સહિત ત્યાં



એક હજારથી વધુ પોલીસ અને અન્ય અધિકારીઓનો કાફલો તૈનાત હતો

બહિયલ ગામમાં તંત્રએ કડક કાર્યવાહી કરતા પ્રથમ તબક્કામાં મેગા ડિમોલિશન હાથ ધર્યું છે. ૧૮૬ જેટલા એકમો પર દાદાનું બુલડોઝર ફેરવવાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. બહિયલ ગામના બજારના ગેરકાયદે બાંધકામોમાં બુલડોઝર ફેરવીને કડક સંદેશો આપવામાં આવી રહ્યો છે. ભારે પોલીસ બંદોબસ્ત વચ્ચે ડિમોલિશનની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આજે સવારથી બહિયલ ગામના ૧૮૬ જેટલા ગેરકાયદે બાંધકામ તોડવામાં આવી રહ્યા છે જેમાંથી ૫૦ બાંધકામ આરોપીઓના છે. અગાઉ તમામ ગેરકાયદેસર બાંધકામોને આરએન્ડબી સ્ટેટ દ્વારા નોટિસ આપવામાં આવી હતી.

ગાંધીનગરના એસપી, રવિ તેજા વાસમ શેટ્ટીએ આ અંગે માહિતી આપતા જણાવ્યું કે, આજે વહેલી સવારથી બહિયલ ગામમાં ડિમોલિશનની કામગીરી ચાલી રહી છે. આ ગામમાં આવેલા ૧૮૬ સ્ટ્રક્ચર પર જ્યાં દબાણ કરવામાં આવ્યું હતું તેને ૧૦ દિવસથી તપાસ કરીને નોટિસ આપવામાં આવી હતી.

જેમાં આજે સવારથી ડિમોલિશનની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ કામગીરીમાં એક હજારથી વધુ પોલીસ અને અન્ય કર્મચારીઓ જોડાયેલા છે. આમાંથી પચાસેક એવી બિલ્ડિંગ છે જે ૧૦ દિવસ પહેલાના ગુનામાં ઝડપાયેલા હતા. પહેલા તબક્કામાં ગેરકાયદેસર કોમર્શિયલ સ્ટ્રક્ચરને નોટિસ આપવામાં આવી છે જ્યારે બીજી જગ્યાઓનો સર્વે ચાલુ છે. તે પતશે એટલે આ કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

### સુરતમાં સાળી સાથે લગ્ન કરવાની હઠે પતિએ પત્નીના ભાઈ-બહેનની કરી નાંખી હત્યા

। પ્રતિનિધિ, સુરત, તા.૯ ।

ઉધના વિસ્તારમાં ગઈકાલે બનેલી ડબલ મર્ડરની એક ઘટના હાલ સમગ્ર શહેરમાં ચકચાર મચાવી રહી છે. ઉધના પટેલનગર વિસ્તારમાં આવેલ સાઈ જલારામ સોસાયટીમાં ગઈકાલે બુધવારે રાતના ૧૦ વાગ્યાની આસપાસ એક સંદીપ ગોડ નામના વ્યક્તિએ પોતાના સાળા અને સાળી પર ચપ્પુ વડે તાબડતોબ હુમલો કરી બંનેની નિર્દયતાપૂર્વક હત્યા કરી નાખી છે. ત્યારે સુરત શહેરના ઉચ્ચ પોલીસ અધિકારીઓ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી આ મામલે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.મળતી માહિતી મુજબ, મૃતકની ઓળખ ૩૦ વર્ષીય નિશ્ચય અશોકભાઈ કશ્યપ અને તેની બહેન મમતા કશ્યપ તરીકે થઈ છે. જેઓ પોતાની માતા સાથે સુરત શોપિંગ કરવા માટે આવ્યા હતા, જે દરમિયાન આ લોહિયાળ ખેલ ખેલાયો હતો. ઘટના બાદ પોલીસ કંટ્રોલ રૂમને કોલ મળ્યો કે, ઉધના પટેલનગર વિસ્તારમાં ડબલ મર્ડરની ઘટના બની છે. ત્યારે પોલીસ જોઈન્ટ પોલીસ કમિશનર, ડી.સી.પી. અને પી.આઈ. સહિતનો કાફલો તરત જ ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને તપાસ શરૂ કરી હતી. ઉધના વિસ્તારમાં ગઈકાલે બનેલી ડબલ મર્ડરની એક ઘટના હાલ સમગ્ર શહેરમાં ચકચાર મચાવી રહી છે.

**વાઇબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સમાં પહોંચ્યા હતા**

### કેન્દ્રીય રેલવેમંત્રી અશ્વિની વૈષ્ણવે અમદાવાદથી મહેસાણા રેલવેમાં મુસાફરી કરી

**ઉદ્યોગ તેમજ શિક્ષણ ક્ષેત્રના ૧૭ દેશના અગ્રણીઓ એકસાથે મંચ પર આવશે અને ગુજરાત સરકારની મધ્યસ્થી સાથે કરોડો રૂપિયાના એમઓયુ કરવામાં આવશે**

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૯ ।

કેન્દ્રીય રેલવેમંત્રી અશ્વિની વૈષ્ણવ અમદાવાદથી મહેસાણા સુધીની રેલવે મુસાફરી કરી વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સમાં પહોંચ્યા હતા. આ અંગેની મહેસાણાના સંસદસભ્ય હરિભાઈ પટેલે સોશિયલ મીડિયામાં પોસ્ટ પણ મૂકી છે. આ બે દિવસીય કોન્ફરન્સમાં ઉદ્યોગ તેમજ શિક્ષણ ક્ષેત્રના ૧૭ દેશના અગ્રણીઓ એકસાથે મંચ પર આવશે અને ગુજરાત સરકારની મધ્યસ્થી સાથે કરોડો રૂપિયાના એમઓયુ કરવામાં આવશે. આ કોન્ફરન્સમાં વિવિધ સેમિનાર તેમજ પેનલ ચર્ચાઓના માધ્યમથી ઉદ્યોગપતિઓ અને તજજ્ઞો વિચારો રજૂ કરશે.વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સ અશ્વિની વૈષ્ણવે સંબોધન કરતા જણાવ્યું છે કે વાઈબ્રન્ટ સમિટની શરૂઆત ગુજરાતથી થઈ હતી. આજ દેશના અનેક રાજ્યમાં શરૂ થઈ છે. ગુજરાતનો વિકાસ સમગ્ર વિશ્વએ જોયો છે. રેલવે દેશની લાઈફ લાઈન છે. ગ્રીન લોજિસ્ટક કરવાનું સૌથી મોટું માધ્યમ છે. છેલ્લા ૧૧ વર્ષમાં ગુજરાતમાં ૨૭૬૪ કિમી રેલવે ટ્રેક બનાવ્યા છે. તથા ડેનમાર્ક દેશ જેટલા રેલવે નેટવર્ક માત્ર ગુજરાતમાં છે. ગુજરાતમાં રેલવેનું રોકાણ વધ્યુ છે.



તેમજ ગુજરાતમાં નવા ૮૭ રેલવે સ્ટેશને નવનિર્માણ કરવામાં આવી રહ્યાં છે. તથા ૩૩૨ રેલવે બ્રિજ તૈયાર થઈ રહ્યા છે. બુલેટ ટ્રેનની કામગીરી ગુજરાતમાં ખૂબ ઝડપી થઈ રહી છે. ઓગસ્ટ ૨૦૨૭ દેશમાં પ્રથમ બુલેટ ટ્રેન ચાલે તેવો ટાર્ગેટ છે.ગુજરાતમાં ફ્રેડ કોરિડોર કામ પૂર્ણ થયું છે. તથા આવનાર દિવસોમાં ૩૧ રેલવે પ્રોજેક્ટની તૈયારી ચાલી રહી છે. સેમિકન્ડર માટે ગુજરાત હબ બની રહ્યું છે. તેમાં ગુજરાતમાં ૪ પ્લાન્ટ છે. સાણંદ, ધોલેરામાં પ્લાન્ટ શરૂ થયા છે. તથા જાપાનની ૩૦ કંપની ગુજરાતમાં રોકાણ કરવા જઈ રહી છે. ઈલેક્ટ્રિક મેન્યુફેક્ચ્યુરિંગ ખૂબ માંગ જોવા મળી રહી છે. જેમાં ઈલેક્ટ્રિક મેન્યુફેક્ચ્યુરિંગમાં સ્કીમ લોન્ચ કરવામાં આવી છે. ઈલેક્ટ્રિક ઈકોસિસ્ટમ ગુજરાતમાં લાવવા અપીલ કરું છું. આ ઈન્ડસ્ટ્રીઝ ગુજરાત આવે તે જરૂરી છે. ૧૩ યુનિવર્સિટી સેમી કન્ડકટર ટ્રેનિંગ આપવામાં આવી રહી છે. તથા છૈ પણ ગુજરાત મોટું હબ બનવા જઈ રહ્યું છે.

**અગાઉ આ શાળાઓને નોટિસ ફટકારી ખુલાસો** | **ચારેય શાળાઓ એફઆરસીએ નક્કી કરેલી ફી કરતા વધુ ફી વાલીઓ પાસે વસૂલી રહી હતી**

# નક્કી કરેલી ફી કરતા વધુ ફી લેતી અમદાવાદની પાંચ શાળાને ફટકારાયો દંડ



। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૯ ।

રાજ્યમાં ખાનગી શાળાઓની ફી નિયમન કરતી ફી રેગ્યુલેટરી કમિટીએ અમદાવાદની ચાર શાળાઓને પાંચ લાખનો દંડ ફટકાર્યો છે. આ ચારેય શાળાઓ એફઆરસીએ નક્કી કરેલી ફી કરતા વધુ ફી વાલીઓ પાસે વસૂલી રહી હતી. આ ચાર શાળાઓમાં અમદાવાદની જેમ્સ જિનેશિસ, શિવ આશિષ, તુલીપ ઈન્ટરનેશનલ અને વેદાંત ઈન્ટરનેશનલ સ્કૂલનો સમાવેશ થાય છે. અગાઉ આ શાળાઓને નોટિસ ફટકારી ખુલાસો કરવા જણાવાયું હતું. ત્યારબાદ આ કાર્યવાહી કરવામાં આવી છે. ખાનગી શાળાઓ વાલીઓ પાસેથી વધુ પડતી ફી વસૂલ ન કરે અને ફીનું એક સરખું ધોરણ જળવાઈ રહે તે માટે ફી રેગ્યુલેટરી કમિટીની રચના કરવામાં આવી છે.

ખાનગી શાળાઓએ જે તે ફીનું ધોરણ નક્કી કરવા માટે એફઆરસીમાં દરખાસ્ત કરવાની હોય છે. દરખાસ્તમાં જરૂરી દસ્તાવેજોના આધારે એફઆરસી સ્કૂલની ફી નક્કી કરતી હોય છે. પરંતુ અમદાવાદની ચાર શાળાઓ એફઆરસીએ નિયત કરેલી ફી કરતા વધુ ફી વસુલતી હોવાનું સામે આવતા આ શાળાઓ સામે કાર્યવાહી કરવામાં આવી છે. હ્લઇઝ્ર ના નિયમોનું પાલન ન કરવા બદલ, ફી નિયમન સમિતિએ વેદાંત ઈન્ટરનેશનલ સ્કૂલ, જેમ્સ જિનેસિસ, શિવ આશિષ અને તુલિપ ઈન્ટરનેશનલ સ્કૂલને દંડ ફટકાર્યો છે.વેદાંત ઈન્ટરનેશનલ સ્કૂલે દરખાસ્ત કરેલ ફી વસૂલી લીધી હતી.

## સાયબર ક્રાઈમ અંગેની જાગૃતિ અત્યંત જરૂરી

# સાયબર ક્રાઈમથી બચવાનો એકમાત્ર ઉપાય એટલે સાયબર જાગૃતિ : હર્ષ સંઘવી

### ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીના હસ્તે નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિ.-ગાંધીનગર ખાતે ઉચ્ચ સ્તરીય સાયબર ક્રાઇમ વિરોધી ઝુંબેશ 'હેકડ ૨.૦'નું ઉદ્દઘાટન કરાયું

। પ્રતિનિધિ, ગાંધીનગર,તા.૯ ।

ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીના હસ્તે નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિ.-ગાંધીનગર ખાતે ઉચ્ચ સ્તરીય સાયબર ક્રાઈમ વિરોધી ઝુંબેશ 'હેકડ ૨.૦'નું ઉદ્દઘાટન કરાયું હતું. જેમાં છૈં-આધારિત છેતરપિંડી અને અત્યાધુનિક રેન્સમવેર જેવા વિકસતા ડિજિટલ જોખમો જેવા વિષયો આવરી લેવામાં આવ્યા છે. હેકડ ૨.૦ અભિયાન સમાજને સાયબર ક્રાઈમથી બચાવવા અને તેની જાળમાં લોકો ન ફસાય તે માટેના પ્રયાસ માટે મહત્વપૂર્ણ પગલું છે. સાયબર ક્રાઈમથી થતાં ગુનાઓમાં જતાં રહેલા રૂપિયાને અટકાવવાના કિસ્સાઓમાં ગુજરાત પોલીસને ૪૨ ટકા સફળતા મળી છે. ગુજરાત પોલીસના કોન્સ્ટેબલને પણ ડાર્કવેબ, બ્લોકચેઈન, બીગ ડેટા,એઆઇ જેવા વિવિધ વિષયોની આંતરરાષ્ટ્રીય કક્ષાની સાયબર સુરક્ષાલક્ષી તાલીમ આપવામાં આવશે. જેનાથી આગામી વર્ષોમાં પડકારજનક ગુનાઓને અટકાવવામાં સફળતા પ્રાપ્ત થઈ શકે. આ તબક્કે ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ કહ્યું હતું કે, સાયબર ક્રાઈમથી બચવાનો એકમાત્ર ઉપાય એટલે જાગૃતિ.



જે કોઈ સાયબર ક્રાઈમનો શિકાર બને તેણે તરત જ ૧૯૩૦ નંબર ડાયલ કરવો. એક સર્વેમાં જાણવા મળ્યું છે કે, ગ્રામીણ વિસ્તાર કરતાં શહેરી વિસ્તારના લોકો વધુ સાયબર ક્રાઈમનો ભોગ બની રહ્યાં છે. ખાસ કરીને વડીલો ડિજિટલ એરેસ્ટના શિકાર બની રહ્યાં છે. આ સ્થિતિમાં સાયબર ક્રાઈમ અંગેની જાગૃતિ અત્યંત જરૂરી છે. આ પ્રસંગે સીઆઈડી-ક્રાઈમ ડીજીપી કે.એલ.એન. રાવ, ગૃહ વિભાગના અગ્ર સચિવ નિપુણા તોરવણે સહિત વિષય તજજ્ઞો ઉપસ્થિત હતા. આભારવિધિ પ્રો. (ડૉ.) એસ.ઓ. જુનારે, કેમ્પસ ડાયરેક્ટર,એનએફએસયુ-ગાંધીનગર દ્વારા કરાઈ હતી.

એનએફએસયુના કુલપતિ પદ્મશ્રી ડૉ. જે.એમ. વ્યાસે સાયબર ક્રાઈમ અને ડિજિટલ ફોરેન્સિક્સ સહિતની માહિતી આપીને એક મહત્ત્વની બાબત જણાવી હતી કે, લોકોએ મોબાઈલ કે ઈમેલમાં આવતી કોઈ પણ અજાણી અથવા અપ્રમાણિત લિંક્સ પર ક્લિક ન કરવું જોઈએ, કારણ કે એક જ ક્લિકથી તેઓની મહેનતની કમાણી લૂંટાઈ શકે છે. ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીના હસ્તે નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિ.-ગાંધીનગર ખાતે ઉચ્ચ સ્તરીય સાયબર ક્રાઈમ વિરોધી ઝુંબેશ 'હેકડ ૨.૦'નું ઉદ્દઘાટન કરાયું,

## સંતરામપુર નગરમાં એક જ કોમના ૨ જૂથ વચ્ચે અથડામણ

। પ્રતિનિધિ, મહીસાગર, તા.૯ ।

ગુજરાતમાં કેટલીક વાર જૂથ અથડામણની ઘટના બનતી હોય છે. ત્યારે મહીસાગરના સંતરામપુરનગરમાં જૂથ અથડામણની ઘટના સામે આવી છે. સંતરામપુર નગરમાં જૂથ અથડામણમાં પથ્થરમારો થયો છે. મળતી માહિતી અનુસાર કાદરી મસ્જિદ વિસ્તારમાં એક જ કોમના બે જૂથ વચ્ચે અથડામણની ઘટના બની હતી.સામાન્ય બોલાચાલી બાદ બન્ને જૂથ વચ્ચે પથ્થરમારો થયો હતો. ૮ થી ૧૦ લોકો ગંભીર ઈજાગ્રસ્ત થતા સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા. ત્યારે કેટલાક ઈજાગ્રસ્તોને સારવાર અર્થે અન્ય હોસ્પિટલ લઈ જવાયા હતા. સમગ્ર ઘટનાની જાણ પોલીસની ટીમે તાત્કાલિક સ્થળે પહોંચી મામલો થાળે પાડ્યો હતો. જો કે આ સમગ્ર ઘટનાને પગલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## ભાવનગરમાં શાળા-ટ્યુશને જતા વિદ્યાર્થીઓની જ સાયકલ ચોરતા બે શખ્સ ઝડપાયા

। પ્રતિનિધિ, ભાવનગર, તા.૯ ।

માતા-પિતા બાળકોને શાળાએ અને ટ્યુશનમાં જવા માટે સાયકલ અપાવતા હોય છે. ત્યારે બાળકો ઉત્સાહ અને આનંદ સાથે એ જ સાયકલ લઈને અભ્યાસે જાય છે. પરંતુ બાદમાં એ સાયકલ ઉપર જો કોઈની ચોરની નજર પડે અને સાયકલ ચોરી થાય તો વિદ્યાર્થીને મનોદશા સમજી શકાય છે. હા આવી ઘટના બની છે. જેમાં ભાવનગરમાં છેલ્લા છ મહિનાથી બે શખ્સો માત્ર શાળા અને ટ્યુશન ક્લાસમાંથી સાયકલ ચોરી કરવાની ઘટનાને અંજામ આપતા હતા. જેને ભાવનગરની એલસીબી પોલીસે ઝડપી લીધા છે.ભાવનગરની એલસીબી પોલીસ પેટ્રોલિંગમાં હતી. ત્યારે બાતમી મળી હતી કે જવાહર મેદાન ગોળીબાર હનુમાન મંદિર તરફ જવાના માર્ગ ઉપર રિક્ષામાં કેટલાક લોકો સાયકલ લઈને જઈ રહ્યા છે. જે ચોરી અથવા તો છળકપટથી મેળવેલી છે.

## શિહોરમાં નકલીની ભરમાર । ૧૧૮૫ કિલો બનાવટી માવો જપ્ત કરવામાં આવ્યો

। પ્રતિનિધિ, ભાવનગર, તા.૯ ।

ગુજરાતમાં દિવસે દિવસે નકલીની ભરમાર સામે આવી રહી છે. ત્યારે ભાવનગરમાં નકલી માવો બનાવતી એક ફેકટરીનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. ત્યારે શિહોર તાલુકાના આંબલા ગામે સ્પેશિયલ ઑપરેશન ગ્રુપ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. એસઓજીની ટીમે ફેક્ટરીમાંથી ૧૧૮૫ કિલો બનાવટી માવો જપ્ત કર્યો છે.તપાસ દરમિયાન ખુલાસો થયો કે આ માવો બનાવતી ફેક્ટરી લાયસન્સ વિના ગેરકાયદેસર રીતે કાર્યરત હતી. ઉપરાંત, ફેક્ટરીમાં સ્વચ્છતા અને ખાદ્ય સુરક્ષાના ધારાધોરણોનું સહેજ પણ પાલન કરવામાં આવતું નહોતું. જપ્ત કરાયેલા નકલી માવાના નમૂનાઓને લેબ ટેસ્ટિંગ માટે મોકલી દેવામાં આવ્યા છે.મહત્વપૂર્ણ છે કે, દિવાળીના તહેવારો નજીક આવી રહ્યા છે, ત્યારે બજારમાં માવાની માંગમાં નોંધપાત્ર વધારો જોવા મળે છે. આવા સમયે કેટલાક વેપારીઓ દ્વારા નફાખોરી માટે નકલી અને ભેળસેળયુક્ત માવો તૈયાર કરીને બજારમાં સપ્લાય કરવામાં આવતો હોવાનું ધ્યાને આવ્યું હતું. પોલીસે આ પ્રકરણમાં વધુ તપાસ હાથ ધરી છે.મહત્વનું છે કે, દિવાળીના તહેવારો નજીક આવતા બજારમાં માવાની માગ વધતી હોય છે. ત્યારે કેટલાક વેપારીઓ નફાખોરી માટે ડુપ્લીકેટ માવો તૈયાર કરી સપ્લાય કરતા હોય તેવું ધ્યાને આવ્યું. જે બાદ જીંગ્ની ટીમે કાર્યવાહી કરી.

## લેઉવા પટેલ સમાજ ભવન નું ભવ્ય નિર્માણ થશે : દિલીપ સંઘાણી

# લેઉવા પટેલ સમાજના મોભીઓનો પુરૂષાર્થ ૧૬-વિઘા જમીન સંપાદન કાર્ય પૂર્ણ, અમરેલી શહેરની મધ્યમાં : દિલીપ સંઘાણી

। પ્રતિનિધિ, અમરેલી, તા.૯ ।

અમરેલી જીલ્લાના પટેલ સમાજની એકતા, વિકાસ અને શિક્ષણ થી લઈને સર્વાંગી વિકાસ સુવિધાઓ માટેનો પાયો રાજરત્ન મોહનભાઈ વિરજીભાઈ પટેલ દ્વારા શૈક્ષણિક સંસ્થા પટેલ વિદ્યાર્થી આશ્રમના માધ્યમથી શરૂ કરવામા આવ્યો જેને દ્વારકાદાસભાઈ પટેલ, લીલાબા પટેલ ત્યારબાદ સંસ્થાના પ્રમુખ માનનિય દિલીપભાઈ સંઘાણી આગળ ધપાવી રહયા છે. તેવા સમયે ૧૬-વિઘાના પરિસરમા ભવ્ય લેઉવા પટેલ સમાજ ભવનનું નિર્માણ પટેલ સમાજની એકતા અને વિકાસનું પ્રતિક બની રહેશે તેમ આયોજન અંગે મળેલ મીટીંગને સંબોધતા દિલીપભાઈ સંઘાણીએ સમાજને અવનવા ડર બતાવતા



તત્વો સામે સુરક્ષાની ખાત્રી આપી હતી તેમણે વધુમા જણાવેલ કે પટેલ સમાજ સાહસ અને વિકાસને વરેલો છે તેમા આગેવાનોનું કેમ નિર્માણ થાય અને વિકાસમા યુવાનોને આગળ કેમ કરવા તેવા સ્વ.ડાયાબાપા હિરાણીના વિચારોને યાદ કરીને આ દિશામા સમાજ સાર્થક થવા જઈ રહયાનું ગૌરવ લઈ હર્ષ વ્યકત કર્યો હતો.

સમાજના અગ્રણી અને ઉદ્યોગપતિ કાળુભાઈ ભંડેરી દ્વારા ભૂમિગ્રહણની જાહેરાત સાથે લેઉવા પટેલ સમાજ વાડીના નિર્માણકાર્ય અંગેની સવિસ્તાર વિગતો જણાવવામા આવેલ હતી. ડી.કે.રૈયાણીએ ખાત્રી આપી હતી કે, સમાજ સાથે રહીને આ કામ આગળ ધપાવશે.કાળુભાઈ ભંડેરી, પી.પી. સોજીત્રા, ડી.કે. રૈયાણી, કાંતિભાઈ વઘાસીયા, અશ્વિનભાઈ સાવલીયા, મનીષ સંઘાણી, રાજેશભાઈ માંગરોલીયા, મેહુલભાઈ ધોરાજીયા, ભાવનાબેન ગોંડલીયા, એમ.કે. સાવલિયા, દિનેશભાઈ ભુવા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહા હતા. અમરેલી જીલ્લાના પટેલ સમાજની એકતા, વિકાસ અને શિક્ષણ થી લઈને સર્વાંગી વિકાસ સુવિધાઓ માટેનો પાયો રાજરત્ન મોહનભાઈ વિરજીભાઈ પટેલ દ્વારા શૈક્ષણિક સંસ્થા પટેલ વિદ્યાર્થી આશ્રમના માધ્યમથી શરૂ કરવામા આવ્યો જેને દ્વારકાદાસભાઈ પટેલ, લીલાબા પટેલ ત્યારબાદ સંસ્થાના પ્રમુખ માનનિય દિલીપભાઈ સંઘાણી આગળ ધપાવી રહયા છે.

## ૩૨ હજારની લાંચ લેતા વલ્લભીપુર મામલતદાર કચેરીનો કોમ્પ્યુચર ઓપરેટર ઝડપાયો

। પ્રતિનિધિ, ભાવનગર, તા.૯ ।

ભાવનગર મામલતદાર કચેરીના કોમ્પ્યુટર ઓપરેટર રસિક રાઠોડે એક વ્યક્તિ પાસે વારસાઈમાં નામ દાખલ કરાવવા માટે રૂ.૩૨ હજારની લાંચ માંગતા છઝ-મ્એધરપકડ કરી હતી.આ કેસની વિગત મુજબ ફરીયાદીના કુટુંબી કાકાનુ અવસાન થયું હતું. આથી તેઓના નામે રહેલ તોતણીયાળા, તા.વલ્લભીપુર ખાતે આવેલ સંયુક્ત ખેતીની જમીનમાં સીધી લીટીના વારસદાર ફરીયાદીના કાકી અને તેઓના બે બાળકોના નામ વારસાઈમાં નોંધ કરાવવાની હતી. ફરીયાદીના કાકીએ વલ્લભીપુર મામલતદારની કચેરીમા અરજી કરી હતી. જેમા નામમા વિસંગતતાને લીધે મામલતદાર કચેરીમાથી તેઓની અરજી નામંજુર થઈ હતી.આ બબતે નાયબ કલેક્ટર કચેરી શિહોર, ભાવનગર ખાતે અપીલ દાખલ કરેલ. જે અપીલમા થયેલ ઓર્ડરમાં સહી થઇ ગઈ હોવા છતાં આ ઓર્ડરની નકલની બજવણી કરવા અને વારસાઇ નોંધ દફતરે કરાવવા સારૂ નાયબ કલેક્ટર કચેરી શિહોર, ભાવનગરમાં કોમ્પ્યુટર ઓપરેટર તરીકે ફરજ બજાવતા રસીકભાઇ રાઠોડે ફરીયાદી પાસે પાસે રૂપિયા ૩૨,૦૦૦ની લાંચની માંગણી કરી હતી.જે લાંચની રકમ ફરીયાદી આપવા માગતા ન હોવાથી ACB નો સંપર્ક કરી ફરીયાદ આપી હતી.

## જૂનાગઢમાં ગેસ પાઇપલાઇન કેસમાં કાર્યપાલક ઈજનેરનું સરન્ડર

। પ્રતિનિધિ, જૂનાગઢ, તા.૯ ।

જૂનાગઢમાં પાઈપલાઈનની કામગીરી દરમિયાન ગેસ લાઈન તૂટી હતી. ગેસ પાઈપલાઈન તૂટી જતાં જબરદસ્ત આગ ફાટી નીકળી હતી. આ ઘટનામાં જબરદસ્ત આગ ફાટી નીકળી હતી. આગના કારણે થયેલી દુર્ઘટનામાં માતાપુત્રી સહિત ત્રણના મોત થયા હતા અને ત્રણ ઈજા પામ્યા હતા. જૂનાગઢ મનપાના જેસીબી દ્વારા આ કામગીરી કરવામાં આવી રહી હતી.આ આખી ઘટના જૂનાગઢના ઝાંઝરડા ચોકડી પાસે બની હતી. મનપાની બાંધકામ શાખાના ઈજનેરે તેમા સરેન્ડર કર્યુ હતુ. આ આખી દુર્ઘટનામાં જૂનાગઢ મનપાની બેદરકારી સ્પષ્ટપણે દેખાઈ આવી હતી. આના માટે મનપાના બાંધકામ શાખાના કાર્યપાલક ઈજનેર જયેન્દ્રસિંહ ઝાલાને જવાબદાર ઠેરવવામાં આવ્યા હતા. જયેન્દ્રસિંહ ઝાલા દુર્ઘટના પછી ભાગતા ફરતા હતા. તેમણે પછી પોલીસ સમક્ષ શરણાગતિ સ્વીકારી હતી.પોલીસે ફરિયાદ મળતા ડ્રાઈવર સામે કાર્યવાહી કરી હતી. આ કેસ હાઈકોર્ટમાં પહોંચતા હાઈકોર્ટે પોલીસની ઝાટકણી કાઢી હતી. છેવટે મનપાના કાર્યપાલક ઈજનેર સામે ગુનો નોંધાયો હતો. એક સમયે આરોપી જયેન્દ્રસિંહ ઝાલા ફરાર હતા, પરંતુ પોલીસની ભીંસ વધતા જયેન્દ્રસિંહ ઝાલાએ સરન્ડર કર્યુ હતું.પોલીસે આ કેસમાં ઈરાદા વગરની હત્યાનો ગુનો નોંધીને ઝાલાની ધરપકડ કરી છે.



નવી ટીમની રચનાને લઈને રાજકીય વર્તુળોમાં ગરમાવો જોવા મળી રહ્યો છે

# ગુજરાત રાજ્ય ભાજપ પ્રદેશ પ્રમુખની નવી ટીમની ટૂંક સમયમાં જાહેરાત : સંગઠનમાં નવા સમીકરણો જોડાયા

## પ્રબળ શક્યતા છે કે પ્રદેશ પ્રમુખના ગુજરાતના સંગઠનાત્મક પ્રવાસ બાદ આ મહત્વપૂર્ણ યાદી જાહેર થઈ શકે

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૯ ।

ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટી (ભાજપ) ના સંગઠનને મજબૂત બનાવવા માટે પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા (પંચાલ) ની નવી ટીમની જાહેરાત ટૂંક સમયમાં થવાની છે. આ નવી ટીમની રચનાને લઈને રાજકીય વર્તુળોમાં ગરમાવો જોવા મળી રહ્યો છે. એવી પ્રબળ શક્યતા છે કે પ્રદેશ પ્રમુખના ગુજરાતના સંગઠનાત્મક પ્રવાસ બાદ આ મહત્વપૂર્ણ યાદી જાહેર થઈ શકે છે. સંગઠનના માળખામાં ફેરફાર અને નવા ચહેરાઓને સ્થાન આપવા પાછળનું મુખ્ય કારણ આગામી ચૂંટણીઓ અને પક્ષને જમીની સ્તરે વધુ મજબૂત બનાવવાનું છે.પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માની ટીમ માં નેતાઓને જવાબદારીઓ આપતી વખતે વિસ્તારગત અને જ્ઞાતિગત સમીકરણો પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. પક્ષે રાજ્યના તમામ વર્ગો અને વિસ્તારોને પ્રતિનિધિત્વ મળે તેની ખાતરી કરી છે, જેથી સંગઠન વધુ સર્વસમાવેશક બની શકે.મળતી માહિતી મુજબ, રાજ્યના ચાર ઝોનમાંથી કુલ ચાર મહામંત્રીઓની નિમણૂક કરવામાં આવશે. આ નિમણૂક પાછળ ચોક્કસ જ્ઞાતિ અને પ્રાદેશિક સંતુલન જાળવવાનો વ્યૂહ છે.



સૌરાષ્ટ્ર ઝોનઃ આ મહત્વના વિસ્તારમાંથી પાટીદાર સમાજના નેતાને મહામંત્રીની જવાબદારી સોંપવામાં આવી શકે છે. પાટીદાર સમાજની રાજકીય અગત્યતાને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવાઈ શકે છે. મધ્ય ગુજરાતઃ મધ્ય ગુજરાતના પ્રદેશમાંથી ક્ષત્રિય સમાજના નેતાને મહામંત્રી પદ મળી શકે છે. દક્ષિણ ઝોનઃ દક્ષિણ ગુજરાતના વિસ્તારમાંથી આદિવાસી સમાજના નેતાને મહામંત્રી બનાવી શકાય છે. આદિવાસી મતોને જાળવી રાખવા માટે આ નિમણૂક નિર્ણાયક સાબિત થશે. વળી, આ ચાર મહામંત્રીઓ ઉપરાંત અન્ય મહામંત્રીઓ તેમજ ઉપાધ્યક્ષોની ટીમની પણ જાહેરાત કરવામાં આવશે, જે સંગઠનની કામગીરીને વેગ આપશે.પ્રદેશ ભાજપની આ નવી ટીમ ગુજરાતમાં પક્ષના સંગઠનને એક નવો ઓપ આપશે. અનુભવી અને યુવા નેતાઓના સમન્વયથી બનનારી આ ટીમ આગામી પડકારોનો સામનો કરવા અને પક્ષના ધ્યેયોને સિદ્ધ કરવા માટે કમર કસશે. પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માના નેતૃત્વમાં આ નવી ટીમ રાજ્યમાં પક્ષની પકડ વધુ મજબૂત બનાવશે તેવી અપેક્ષા છે. ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટી (ભાજપ) ના સંગઠનને મજબૂત બનાવવા માટે પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા (પંચાલ) ની નવી ટીમની જાહેરાત ટૂંક સમયમાં થવાની છે. આ નવી ટીમની રચનાને લઈને રાજકીય વર્તુળોમાં ગરમાવો જોવા મળી રહ્યો છે. એવી પ્રબળ શક્યતા છે કે પ્રદેશ પ્રમુખના ગુજરાતના સંગઠનાત્મક પ્રવાસ બાદ આ મહત્વપૂર્ણ યાદી જાહેર થઈ શકે છે. સંગઠનના માળખામાં ફેરફાર અને નવા ચહેરાઓને સ્થાન આપવા પાછળનું મુખ્ય કારણ આગામી ચૂંટણીઓ અને પક્ષને જમીની સ્તરે વધુ મજબૂત બનાવવાનું છે.પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માની ટીમ માં નેતાઓને જવાબદારીઓ આપતી વખતે વિસ્તારગત અને જ્ઞાતિગત સમીકરણો પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.

પોલીસ દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો

# ગુજરાતમાં ટ્રેન ઉથલાવવાનો પ્રયાસ નિષ્ફળ,લોકો પાયલટની સમયસૂચકતાથી મોટી દુર્ઘટના ટળી

। પ્રતિનિધિ, હિંમતનગર, તા.૯ ।

હિંમતનગરમાં જ્યાં ટ્રેન ઉથલાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે. બ્રોડગેજ ટ્રેક પર લોખંડના રોડ મૂકી રેલવે દુર્ઘટના સર્જવાનો નિષ્ફળ પ્રયાસ કરાયો છે. ટ્રેનના લોકો પાયલટની સમયસૂચકતાને પગલે એક મોટી દુર્ઘટના ટળી છે. જોકે, હાલ પોલીસ દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે અને સંબંધિત રેલવે ડિવિઝનને એલર્ટ કરાયા છે.સાબરકાંઠાના હિંમતનગર પાસે રેલવે દુર્ઘટના સર્જવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. હિંમતનગર રેલવે સ્ટેશનથી મેમૂ ટ્રેન રવાના થયાના થોડા જ સમયમાં આંબાવાડી નજીક બ્રોડગેજ ટ્રેક પર લોખંડના રોડ મૂકાયા હતા. જોકે, લોકો પાયલટની સમયસૂચકતાથી દુર્ઘટના ટળી હતી. સમયસર લોકો પાયલટની નજર ટ્રેક પર પડેલા લોખંડના રોડ પર પડી હતી અને ઈમરજન્સી બ્રેક લગાવી ટ્રેનને થોભી હતી. જેના પગલે એક મોટી દુર્ઘટના ટળી છે. ઘટનાની જાણ થતાં વાંટડા સ્ટેશન અને અજમેર ડિવિઝનને એલર્ટ કરવામાં આવ્યા છે.રેલવે પોલીસે અજાણ્યા ત્રણ શખ્સો સામે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે. રેલવેની સુરક્ષા જોખમમાં મૂકી જાનહાનિનો પ્રયાસ કરનાર આરોપીઓની શોધખોળ ચાલી રહી છે. ટ્રેક પર લોખંડના રોડ કેમ મૂકાયા અને આ કાવતરા પાછળ કોઈ હોઈ શકે? તેને લઈને પોલીસ દ્વારા ઊંડાણપૂર્વકની તપાસ શરૂ કરાઈ છે.

# ભરૂચના આમોદમાં કાંકરિયા ગામે આખા ગામનું ધર્માંતરણ થતાં ચકચાર

। પ્રતિનિધિ, ભરૂચ, તા.૯ ।

આમોદના કાંકરીયા ગામે થયેલ ધર્માંતરણને હાઈકોર્ટે રાષ્ટ્રીય કક્ષાનું મોટું ષડયંત્ર ગણાવ્યું, આરોપીઓને ક્વોશિંગ પિટિશન કરી રદ્દ કરી. ભરૂચના આમોદ તાલુકાના કાંકરિયા ગામમાં થયેલા ચકચારી ધર્માંતરણ કેસમાં ગુજરાત હાઈકોર્ટનો ૫૪ પાનાનો વિગતવાર ઓર્ડર બહાર આવ્યો છે. હાઈકોર્ટે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે આ કેસ માત્ર એક વ્યક્તિ કે ગામના ધર્માંતરણનો નથી, પરંતુ રાષ્ટ્રીય કક્ષાનો મોટો અને ખતરનાક ષડયંત્ર છે.કોર્ટએ આ કેસમાં સામેલ તમામ આરોપીઓની ક્વોશિંગ પિટિશન- ફ્રૈંઈ રદ કરવાની માંગ ફગાવી દીધી છે અને તપાસ તેમજ ટ્રાયલ પર સ્ટે આપવાનો ઈનકાર કર્યો છે.કોર્ટએ જણાવ્યું કે તપાસ એજન્સીઓએ આ ષડયંત્રના મૂળ સુધી પહોંચવું જરૂરી છે, કારણ કે પ્રાથમિક પુરાવાઓ પરથી સ્પષ્ટ થાય છે કે આ મામલો ધાર્મિક પરિવર્તન કરતા પણ મોટો છે અને તેમાં સંગઠિત તત્ત્વો સામેલ હોઈ શકે છે.હાઈકોર્ટે ભાગેડુ આરોપી અબદુલ આદમ પટેલ (ફેફડાવાલા હાજી અંગે ગંભીર અવલોકન આપ્યું છે. કોર્ટએ નોંધ્યું કે આ વ્યક્તિ એફઆઈઆર નોંધાયા પહેલા વિદેશથી ૨૫ વખત ભારત આવ્યો હતો.

# ફૂટપાથ પર સુઈ રહેલા શ્રમિકો પર જેસીબી ફરી વળ્યું । બેના કમકમાટીભર્યા મોત

। પ્રતિનિધિ, ખેડા, તા.૯ ।

ખેડા જિલ્લાના કપડવંજ વિસ્તારમાં એવી હૃદયદ્રાવક ઘટના બની છે કે જેને સાંભળીને કોઈપણ વ્યક્તિ ચોંકી જાય. વહેલી સવારે એક અકસ્માતે બે શ્રમિકોના જીવ લઈ લીધા, જ્યારે ત્રીજો શ્રમિક ગંભીર રીતે ઘાયલ થયો છે. અંધારામાં થયેલો આ અકસ્માત માત્ર એક ક્ષણમાં બે પરિવારોનું ભવિષ્ય બદલી ગયો.મળતી માહિતી મુજબ, કપડવંજના અમૂલ ચીલિંગ સેન્ટર પાસે આ ભયાનક અકસ્માત બન્યો હતો. ત્યાં ફૂટપાથ પર ત્રણ જેટલા શ્રમિકો સૂતા હતા. નજીકમાં એક જેસીબી મશીન ઊભી હતી. એ સમયે પાછળથી આવતા એક ડમ્પરે બેદરકારીપૂર્વક જેસીબીને જોરદાર ટક્કર મારી. ટક્કર એટલી તીવ્ર હતી કે જેસીબીનું સંતુલન બગડી ગયું અને તે ફૂટપાથ પર સૂતા શ્રમિકો પર ફરી વળી. અચાનક થયેલી આ ઘટનાથી ત્રાસ ફેલાઈ ગયો હતો.આ અકસ્માતમાં ત્રણેય શ્રમિકોને ગંભીર ઈજાઓ થઈ હતી. જેમાંથી બે શ્રમિકોના ઘટનાસ્થળે જ મોત નિપજ્યા હતા, જ્યારે ત્રીજો શ્રમિક ગંભીર રીતે ઘાયલ થયો છે અને હાલમાં તેની સારવાર ચાલી રહી છે. અકસ્માત બાદ જેસીબી અને ડમ્પર બંનેના ડ્રાઈવર પોતાના વાહનો ત્યાં જ છોડી ફરાર થઈ ગયા હતા. સ્થાનિક લોકોએ તરત જ પોલીસને જાણ કરી હતી. પોલીસ ઘટના સ્થળે પહોંચી અને બંને મૃતકના મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડ્યા હતા. હાલ મૃતકોની ઓળખ કરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.પોલીસે અકસ્માતના સમયે હાજર રહેલા લોકોથી પૂછપરછ શરૂ કરી છે અને આસપાસના સીસીટીવી કેમેરાના ફૂટેજ પણ તપાસી રહી છે. પોલીસના જણાવ્યા મુજબ, વાહનોના નંબરના આધારે ડ્રાઈવર સુધી પહોંચવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. એકવાર ઘાયલ શ્રમિકની તબિયત સુધરશે, ત્યારબાદ તેનું નિવેદન પણ લેવામાં આવશે જેથી અકસ્માતનું સાચું કારણ સ્પષ્ટ થઈ શકે.






તંત્રી લેખ..

# ભારતીય સિનેમાએ નવી ઊંચાઈ પ્રદાન કરી

ભારતીય સિનેમાના ઈતિહાસમાં ખરેખર આ ઐતિહાસિક ક્ષણ છે, જ્યારે બહુચર્ચિત તેલુગૂ ફિલ્મ આરઆરઆરના અત્યંત લોકપ્રિય ગીત નાટૂ નાટૂ (નાચો નાચો) અને હાથીઓ તથા તેમની દેખરેખ કરનારા પર કેન્દ્રિત એક ભારતીય ડોક્યુમેન્ટ્રી ધ એલીફન્ટ વ્હિસ્પરને અલગ-અલગ શ્રેણીઓમાં ઓસ્કર પુરસ્કારથી નવાજવામાં આવ્યા છે. એવું પહેલી વાર બન્યું કે ભારતીય પરિવેશ, જીવન દર્શન અને સંગીત પર આધારિત બે એન્ટ્રીને અકાદમી એવોર્ડ્સની બે શ્રેણીઓમાં ઓસ્કર એવોર્ડ મળ્યા હોય. સિનેમાના વૈશ્વિક ફલક પર મળેલ આ શાનદાર ઉપલબ્ધિઓએ નિશ્ચિત રૂપે દરેક ભારતીયને ખુશ થવાનો અવસર આપ્યો છે. વાસ્તવમાં પ્રયોગધર્મી ફિલ્મકાર એસએસ રાજામૌલીની ફિલ્મ આરઆરઆરના આ ગીતે આ જ વર્ષે પ્રતિષ્ઠિત ગોલ્ડન ગ્લોબ એવોર્ડ જીતીને પહેલાં જ પોતાની પ્રતિષ્ઠા સ્થાપી દીધી હતી. એમ તો આ ફિલ્મ ૨૦મી સદીની શરૂઆતના સમયના બે દક્ષિણ ભારતીય ક્રાંતિકારીઓ અલુરી સીતારામ રાજુ અને કોમુરમ ભીમની કાલ્પનિક દોસ્તી અને ઉપનિવેશિક શાસનના વિરુદ્ધ તેમના સંઘર્ષ પર કેન્દ્રિત છે, પરંતુ આ ફિલ્મનું ચંદ્રબોઝ દ્વારા લિખિત અને મશહૂર સંગીતકાર એમએમ કીરાવાની દ્વારા સંગીતબદ્ધ ગીત, ફિલ્મના નાયકો રામચરણ અને જુનિયર એનટીઆરના અદ્ભૂત નૃત્યને કારણે પહેલાં જ મશહૂર થઈ ચૂક્યું હતું. ઓરિજિનલ સોંગ શ્રેણીમાં ઓસ્કર જીતનારા નાટૂ નાટૂ ગીત પર આ બંનેએ જે તાલમેલ સાથે નૃત્ય કર્યું છે, તેણે ભારતીય સિનેમાને નવી ઊંચાઈ પ્રદાન કરી છે. એવા સમયે જ્યારે દુનિયા રશિયા અને યુક્રેન યુદ્ધથી આહત છે, આ ફિલ્મ આ નૃત્યના માધ્યમથી એક ગર્ભિત સંદેશ પણ આપે છે, જેને જોગાનુજોગ યુદ્ધ શરૂ થતાં પહેલાં યુક્રેનની રાજધાની કીવમાં રાષ્ટ્રપતિ ભવન સામે ફિલ્માવવામાં આવ્યું હતું. આરઆરઆર સાથે ઓસ્કર જીતનારી ડોક્યુમેન્ટ્રી ધ એલિફન્ટ વ્હિસ્પરનું નિર્માણ ફિલ્મકાર કાર્તિકી ગોન્ઝાલ્વીસ અને ગુનીત મોંગાએ કર્યું છે, જે સંજોગોવશાત એક અન્ય દક્ષિણ રાજ્ય તમિલનાડુની એક સેક્ચ્યુરીમાં થયેલ દુર્ઘટનામાં છૂટા પડી ગયેલા એક હાથીના બચ્ચા અન તેને પાળનારા એક પરિવાર પર કેન્દ્રિત છે, જે વન્યજીવ અને મનુષ્ય વચ્ચે એક સહજ સંબંધ અને સાહચર્યની વાર્તા દર્શાવે છે. સર્વોત્તમ ડોક્યુમેન્ટ્રીનો પુરસ્કાર જીતનારી આ કૃતિના મુકાબલે કેટલીય ચર્ચિત ડોક્યુમેન્ટ્રી હતી. પરંતુ પ્રકૃતિ અને જીવોના સહઅસ્તિત્વની ભારતીય અવધારણાને ચિત્રિત કરનારી આ ડોક્યુમેન્ટ્રીએ સફળતાની નવી કહાની લખી. આમ તો એકેડેમિક પુરસ્કારો મામલે ભારતીય સિનેમા પાસે અત્યાર સુધી થોડી ગણીગાંઠી ઉપલબ્ધિઓ જ છે, પરંતુ એમ કહેવાની જરૂર નથી કે આ બંને ફિલ્મોને ઓસ્કરમાં મળેલ સફળતા વૈશ્વિક સિનેમામાં ભારતીય સિનેમાની વધતી સ્વીકારોક્તિને જ દર્શાવી રહી છે.

### ટેકનોલોજી ફ્રેન્ડલી યુવા વીઆર કન્ટેન્ટને બિઝનેસ બનાવી શકે છે

## વર્ચુઅલ રિયાલિટી સ્ટાર્ટ અપ ઓપ્શાન

વિતેલા વર્ષમાં દુનિયાભરમાં વીઆર એટલે કે વર્ચઅલ રિયાલિટી સાથે સંબંધિત કન્ટેન્ટ શોધનાર લોકોની સંખ્યા ૨૦ કરોડથી વધારે રહી છે. જો તમે ટેકનોલોજી ફ્રેન્ડલી છો તો વીઆર કન્ટેન્ટને બિઝનેસ માટે ડેવલપ કરી શકો છો. આની સાથે સંબંધિત વિડિયો અને બ્લોગ વાંચનાર લોકોની સંખ્યા પણ ખુબ વધારે થઈ રહી છે. બિઝનેસ સેક્ટરમાં એઆર અને વીઆર ટેકનોલોજીના વધતા જતા ઉપયોગના કારણે લોકોને ખુબ ફાયદો થયો છે. બીજી બાજુ વર્ચુઅલ રિયાલિટી જેવી ટેકનોલોજી યુવાઓને સ્ટાર્ટ અપના અનેક અવસર ઉપલબ્ધ કરાવી લેવામાં પણ મદદરૂપ બની રહી છે. વીઆર ટેકનોલોજી સાથે સંબંધિત બિઝનેસના ગ્રોથનો અંદાજ આ બાબતથી લગાવી શકાય છે કે વર્ષ ૨૦૨૦માં આની સાથે સંબંધિત માર્કેટનુ કદ આશરે ૧.૪ લાખ કરોડ સુધી પહોંચી ગયુ છે. જ્યારે વર્ષ ૨૦૨૪ સુધી વીઆર ટેકેનોલોજી અને સંબંધિત પ્રોડક્ટસનુ ગ્લોબલ માર્કેટ કદ આશરે ત્રણ લાખ કરોડ રૂપિયાથી વધારે રહેનાર છે. ટેકનોલોજી સાથે સંબંધિત બિઝનેસ અને તેમની ફ્યુચર પ્લાનિંગને લઈને સર્વે કરનાર અમેરિકી એજન્સીઓએ હાલમાં વીઆર સંબંધિત બિઝનેસને લઈને ભાવિ ઉજવળ હોવાની બાબત રજૂ કરી છે. ખાસ કરીને ભારત સહિત કેટલાક એશયન દેશોમાં વીઆર ટેકનોલોજી સાથે સંબંધિત બિઝનેસનો ગ્રોથ સૌથી વધારે રહેવાનો અંદાજ છે. જો કે વીઆર સાથે સંબંધિત એવા ક્યા બિઝનેસ છે જે સૌથી વધારે ફાયદાકારક રહેનાર છે તેને લઈને કેટલીક માહિતી નિષ્ણાંતો દ્વારા એકત્રિત કરવામાં આવી રહી છે. વીઆર ટેકનોલોજી સાથે સંબંધિત પ્રોડક્ટસની યાદી ખુબ લાંબી છે. જો કે મુખ્ય રીતે જે પ્રોડક્ટસની માંગ વધી છે તેમાં વીઆર હેન્ડસેટ, સેંસર, પ્રોજેક્ટ અને ડિસ્પ્લે વોલ, ટ્રેકિગં ડિવાઈસ અને હાઈ પાવરવાળા કોમ્પ્યુટર સિસ્ટમ સામેલ છે. વીઆર ટેકનોલોજીવાળી તમામ પ્રોડક્ટસઅને અન્ય વસ્તુઓની કિંમત વધારે છે. જો કે લોકોનો વીઆર ટેકનોલોજીમાં ક્રેઝ વધી રહ્યો છે જેથી સ્ટાર્ટ અપ આઈડિયાની શોધમાં રહેલા યુવાનોને તક મળી રહી છે. આવા પ્રોડક્ટસના રેટ બિઝનેસ એક ફુટફુળ આઈડિયા તરીકે છે. વીઆર હેન્ડસેટ અથવા તો અન્ય ડિવાઈસ જેમની કિંમત ૧૦ હજાર રૂપિયા અથવા તો વધારે છે તેમને આ રેન્ટ બિઝનેસમાં સામેલ કરવામાં આવી શકે છે. આવા સ્ટાર્ટ અપની સંખ્યા ચીન અને સિંગાપોરમાં અતિ ઝડપથી વધી રહી છે. વીઆર સાથે સંબંધિત બિઝનેસની લોકપ્રિયતાને આ બાબતથી સમજી શકાય છે કે વર્ષ ૨૦૧૯માં આ સેક્ટરતી સંબંધિત ૫૦થી વધારે સ્ટાર્ટ અપને રોકાણકારો મળી ચુક્યા છે. તેમાં સૌથી વધારે સંખ્યા એશિયાના સ્ટાર્ટ અપની રહેલી છે. જેથી આ સેક્ટરના બિઝનેસમાં જો આપની પાસે બજેટની કમી છે.



આજકાલ

લેખક : દીપક જગતાપ

### આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ ૨૦૨૩: આરોગ્ય વર્ધક હલકા જાડા ધાન્યની પૌષ્ટિકતા

**આજે આપણે પણ સ્વાસ્થ્ય પ્રત્યે સજાગ બન્યા છે અને આવા પૌષ્ટિક મિલેટ્સ, પ્રાકૃતિક ખેતીથી પકવેલા અનાજનો વધુને વધુ ઉપયોગ કરવા પ્રેરિત થયા છે તથા ઉગાડવાનું પણ શરૂ કર્યું છે ગુજરાત રાજ્યમાં મિલેટ્સનો ઉપયોગ વધુ છે**

# વિશ્વના કુલ ઉત્પાદનમાંજાડા ધાન્યનો ૪૧ ટકા હિસ્સો એકલા ભારતનો જ છે

**અગાઉ ભારતમાં અનેક પ્રકારના અનાજ ઉગાડવામાં આવતા હતા તેમાં દેશના ગરીબ ખેડૂતો અથવા ટૂંકી જમીન ધરાવતા ખેડૂતો દ્વારા ઉગાડવામાં આવતી બાજરીનો પણ સમાવેશ થાય છે. આ બરછટ અનાજ જુવાર, બાજરી, રાગી, મડુવા, સામો, કોદરી, બાવટો, બંટી, રાજગરો વગેરે છે**

૨૦૨૩ના વર્ષને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ જાહેર કર્યું છે. કિસાનબંધુઓ માટે આ પ્રેરણાદાયી વર્ષ ગણાય. આ ધાન્ય હલકા જાડા ધાન્ય તરીકે ઓળખાય છે. પોષક તત્વ અને આરોગ્યની દ્રષ્ટિએ ઉત્તમ ગણાતું આ ધાન્યનો ખોરાકમાં ઉપયોગ અને ક્રેઝ દેશ વિદેશમાં વધતો જાય છે. આ મિલેટ ધાન્ય એટલે જુવાર, બાજરી, જવ, રાગી, મડુવા, સામો, કોદરી, બાવટો, બંટી,કાંગ, રાજગરો, ગજરો/કુરી વગેરે કુપોષણ અને ખાદ્ય સુરક્ષા સામેના પડકારોનો સામનો કરવા માટે જાડા ધાનને પ્રોત્સાહન આપવાના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા કરવામાં આવેલા પ્રયાસો સફળ થયા છે. વર્ષ ૨૦૨૧માં ભારતે સંયુક્ત રાષ્ટ્રમાં પ્રસ્તાવ મોકલ્યો હતો. સંયુક્ત રાષ્ટ્ર સંઘે ભારતના પ્રસ્તાવને સ્વીકારી વર્ષ ૨૦૨૩ને "આંતરરાષ્ટ્રીય મિલેટ્સ વર્ષ" ઘોષિત કર્યું છે. જેને ૭૦થી વધુ દેશોએ સમર્થન આપ્યું હતું.તથા લોકો બાજરી સહિતના જાડા ધાનને આહારમાં સામેલ કરે તેવી અપીલ પણ કરી હતી. આજે આપણે પણ સ્વાસ્થ્ય પ્રત્યે સજાગ બન્યા છે અને આવા પૌષ્ટિક મિલેટ્સ, પ્રાકૃતિક ખેતીથી પકવેલા અનાજનો વધુને વધુ ઉપયોગ કરવા પ્રેરિત થયા છે તથા ઉગાડવાનું પણ શરૂ કર્યું છે. ગુજરાત રાજ્યમાં મિલેટ્સનો ઉપયોગ વધુ છે. મિલેટ્સના ફાયદાઓ સવિશેષ પ્રમાણમાં છે. તેના લોટમાંથી બનાવેલા રોટલા મોટા પ્રમાણમાં કાઠીયાવાડમાં ખોરાકમાં લેવામાં આવે છે. સમગ્ર વિશ્વ જ્યારે વર્ષ ૨૦૨૩ને "આંતરરાષ્ટ્રીય મિલેટ્સ વર્ષ" તરીકે ઉજવી રહ્યું છે.

મિલેટનો મતલબ બાજરો નહીં. પણ જાડું કે હલકું તૃણ ધાન્યછે . મિલેટના આ વર્ગમાં ભારતમાં ૨૫ પ્રકારના ધાન્યો થાય છે. આજે હાઈબ્રિડ અને ઊંચી જાતના મોંઘા ધાન્યોની સરખામણીમાં આ હલકું ધાન્ય ધીરે ધીરે અદ્રશ્ય થવાના આરે હતું.પરંતુ વડાપ્રધાન નરેન્દ્રભાઈમોદીની દૂરંદેશીને કારણે હવે ફરી આ ધાન્ય જીવંત થયું છે.. આ ધાન્યની ખેતીમાં વિશ્વમાં ભારત અગ્રેસર છે. વિશ્વના કુલ ઉત્પાદનમાં ૪૧% હિસ્સો એકલા ભારતનો જ છે.



ઘાસ કુળના આ ધાન્યપોષક તત્વોથી ભરપૂર છે. તેમાં ગ્લુટેન ફ્રી હોય છે. બીજું તેમાં ફાઈબર નું પ્રમાણ વધુ હોવાથી કબજિયાત રહેતો નથી. આપણે જાણીએ છીએ કે દરેક રોગનું મૂળ કબજિયાત જ હોય છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતની પારંપારિક ખેત પેદાશ-મિલેટ્સ(જાડા ધાન)ની ખેતી અને તેના આહારમાં ઉપયોગને પ્રોત્સાહન આપવા કરેલી હિમાયતની સફળતાને પગલે યુનાઈટેડ નેશન્સે વર્ષ-૨૦૨૩ને આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ તરીકે ઉજવવાનો નિર્ણય કર્યો છે. ભારત સહિત દુનિયાભરના દેશોમાં મિલેટની ઉપયોગીતા અંગે જનજાગૃતિ આ ઉજવણીને પરિણામે આવશે. ગુજરાતમાં પણ મિલેટ્સનો ઉપયોગ વધારવા સમગ્ર વર્ષ દરમિયાન રાજ્ય સરકાર દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવનાર છે. આ કાર્યક્રમ અન્વયે જ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતીમાં ગાંધીનગરમાં મિલેટ મહોત્સવ ઉજવાયો હતો. રાજ્યનામુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ આપણી પારંપારિક ખેતીની પેદાશોજાડાધાન-મિલેટ્સને વૈશ્વિક સ્તરે પ્રોત્સાહન આપવાની સફળતા યુનો દ્વારા આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષની ઉજવણીથી મેળવી છે. તેમણે ઉમેર્યુ કે, હવે તો પશ્ચિમના દેશો પણ સ્વાસ્થ્ય પ્રત્યે સજાગ બન્યા છે અને આવા પૌષ્ટિક મિલેટ્સ, પ્રાકૃતિક ખેતીથી પકવેલા અનાજનો વધુને વધુ ઉપયોગ કરવા પ્રેરિત થયા છે. આ સંદર્ભમાં આપણા પરંપરાગત ધાન એવા બાજરી, જુવાર, રાગી, મકાઈ ને વિશ્વના દેશો પણ અપનાવે તેવી સંકલ્પના યુનાઈટેડ નેશન્સ દ્વારા આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષની ઉજવણીથી સાકાર થશે.

આમ તો મિલેટ્સ એટલે કે જાડા અનાજ-ધાન્યની ખેતી ભારતમાં સદીઓથી થાય છે. સિંધુ ખીણ સભ્યતા-ઈન્ડસ વેલીમાં મિલેટ્સની ખેતી અને તેના આહાર અંગેના પૂરાવા મળેલા છે. મિલેટ્સ એટલે કે બાજરી, જુવાર, જવ, રાગી, રાજગરો વગેરે જાડા ધાન અનેક પોષક તત્વોથી ભરપૂર છે અને શક્તિદાયક છે, પાચનમાં પણ મદદરૂપ છે. મિલેટ્સના નિયમિત ભોજનથી બ્લડ પ્રેશર, ડાયાબિટીસ, સ્ટ્રોક, આંતરડાના કેન્સર અને અન્ય ગંભીર બિમારીનું જોખમ ઘટી જાય છે.

#### ડાપ્રધાન નરેન્દ્ર મોદીનાંઆહવાનનો સમગ્ર વિશ્વમાં પડઘો પડ્યો છે

જાડા ધાનને ખોરાક તરીકે પ્રોત્સાહન આપવા તથા વધુ ટકાઉ જીવનશૈલી માટે લાઈફ-લાઈફસ્ટાઈલ ફોર એન્વાયરમેન્ટ માટેના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં આહવાનનો સમગ્ર વિશ્વમાં પડઘો પડ્યો છે. નીતિ આયોગ દ્વારા યુનાઈટેડ નેશન્સ વર્લ્ડ ફૂડ પ્રોગ્રામ સાથે એક એમઓયુ કરવામાં આવ્યું છે. આ ભાગીદારીનો મુખ્ય હેતુ જાડા ધાનને મુખ્ય પ્રવાહમાં લાવી નાના અને સીમાંત ખેડૂતો માટે ટકાઉ આજીવિકાની તકો ઊભી કરી આબોહવા પરિવર્તન માટે ક્ષમતાઓને અનુકૂલિત કરી ખાદ્ય પ્રણાલીઓમાં પરિવર્તન લાવવાનો છે. જેથી ભારતમાં ઉન્નત ખોરાક અને પોષણ સુરક્ષા માટે ગ્લોબલ વોર્મિંગનો સામનો કરી રહેલી કૃષિને મજબૂતી આપી શકાય.

#### રાગીમાં તમામ ખાધ્ય અનાજમાં સૌથી વધુ કેલ્શિયમ હોય છે

એક સમય હતો જ્યારે બાજરી માત્ર ભારત અને પશ્ચિમ આફ્રિકામાં જ ઊગતી હતી, કારણ કે તેના પાકને સૂકી અને નીચી ફળદ્રુપ જમીન અને ઊંચા તાપમાનની જરૂર પડતી હતી. ભારતીય જાડા ધાન્ય તરીકે ઓળખાતા બાજરાને આજે દુનિયા પસંદ કરવા લાગી છે. મિલેટ્સના ઉત્પાદનમાં ભારત મોખરે છે ત્યારે ભારતને મિલેટ્સની વૈશ્વિક રાજધાની બનાવી રોજીંદા આહારમાં મિલેટ્સનો સમાવેશ કરવો જોઈએ.

અગાઉ ભારતમાં અનેક પ્રકારના અનાજ ઉગાડવામાં આવતા હતા. તેમાં દેશના ગરીબ ખેડૂતો અથવા ટૂંકી જમીન ધરાવતા ખેડૂતો દ્વારા ઉગાડવામાં આવતી બાજરીનો પણ સમાવેશ થાય છે. આ બરછટ અનાજ જુવાર, બાજરી, રાગી, મડુવા, સામો, કોદરી, બાવટો, બંટી, રાજગરો વગેરે છે. પરંતુ પછીના દિવસોમાં, વિશ્વના તમામ સંશોધનોમાં હકીકત સામે આવી કે આ બધા બરછટ અનાજ સ્વાસ્થ્યની દૃષ્ટિએ ખૂબ જ ફાયદાકારક છે. અને પૌષ્ટિકતાથી ભરપૂર છે. ઈન્ટરનેશનલ ક્રોપ્સ રિસર્ચ ઈન્સ્ટીટયુટ ફોર ધ સેમી એરિડ ટ્રોપિકસે તો બાજરીને સુપર ફૂડ ગણ્યું છે. બાજરી, જુવાર, જવ, રાગી, રાજગરો વગેરે જાડા ધાન અનેક પોષક તત્ત્વોથી ભરપૂર છે અને શક્તિદાયક છે. બાજરીમાં ઉચ્ચ પ્રોટીન, ફાઈબર, વિટામિન અને લોહ તત્વ જેવા ખનીજો હોય છે. બાજરીમાં કેલ્શિયમ અને મેગ્નેશિયમ ભરપૂર હોય છે. રાગીમાં તમામ ખાધ્ય અનાજમાં સૌથી વધુ કેલ્શિયમ હોય છે. આ સ્માર્ટ ફૂડ દરેક બીમારીનો રામબાણ ઈલાજ છે. ડાયાબિટીસ, કોલેસ્ટ્રોલને નિયંત્રિત કરે છે.


મૈસુરના ડૉ.ખાદર વલ્લી ભારતીય મિલેટમેન તરીકે ઓળખાય છે. જેમણે ભારતીય ખોરાકમાં સિરિધાન્યના વપરાશ માટે ઝુંબેશ ઉપાડેલ છે. સિરિ એટલે સંપતિ. આપણું આરોગ્ય એ જ સૌથી મોટી સંપત્તિ છે. એ અર્થમાં આ ધાન્ય આપણા આરોગ્ય માટે મહત્ત્વનું છે. આ ધાન્ય પાકો ઓછા વરસાદમાં વિષમ પરિસ્થિતિમાં થઈ શકે છે. ઓછા સમયમાં પાકે છે. જૈવિક વિવિધતા વધારે છે. આ પાકોમાં જંતુનાશક દવાઓ કે રાસાયણિક ખાતરોની જરૂર પડતી નથી. અને આ ધાન્યો ટ્રેડિશનલ પણ છે. ઉપરાંત આ ધાન્યનો ચારો પશુઓ માટે પણ મહત્વનો છે. આ ધાન્ય પક્ષીઓને પણ પ્રિય છે. આજે મિલેટસ સુપરફુડ તરીકે ઉભરી રહેલ છે.

આપણે ત્યાં બાજરો અને જુવાર જાણીતું ધાન્ય છે. ડાંગના આદિવાસીઓની રાગી (નાગલી) થી પણ આપણે પરિચિત છીએ. પણ આ ત્રણે ધાન્ય કરતાં પણ કાંગ, સામો, કોદરો અને ગજરો વધારે ઉપયોગી છે. આ ચારે ધાન્ય સકારાત્મક ગણાય છે. જયારે બાજરો, જુવાર અને રાગી ન્યુટ્રલ ગણાય છે. ઘઉં, ચોખા, મકાઈ (સ્વીટ કોર્ન) નકારાત્મક ધાન્ય છે. જો કે દેશી મકાઈ ન્યુટ્રલ ગણાય છે.

કાંગ મધુપ્રમેહ માં ખૂબ જ ફાયદો કરે છે. કોલેસ્ટ્રોલ ઘટાડે છે. ચામડીના તમામ રોગોમાં ઉપયોગી છે. સામો થાઈરોઈડ અને સ્વાદુપિંડ માટે ઉપયોગી છે. રાગી (નાગલી) એનિમિયા થી બચાવે છે. રાગી ફણગાવીને ખાવાથી વિટામિન સી મળે છે. અને તે આયર્નથી પણ ભરપુર છે.

આજે ભારતના શહેરોમાં આહાર તરીકે ઘઉં અને ચોખાનો વપરાશ ૯૫ % છે. ૪.૫% બાજરી, જુવાર, મકાઈનો વપરાશ છે. બાકીના અડધા (૦.૫)% માં રાગી, સામો, કોદો, ગજરો વગેરે છે. ગામડામાં ઘઉં, ચોખા ૮૫% આહારમાં વપરાય છે. જયારે ૧૪% માં બાજરી, જુવાર, મકાઈ ખવાય છે. ૧% લોકો નાગલી, સામો, કોદો, કાંગ, ગજરો ખાય છે. આશા રાખીએ કે અડધા અને એક ટકામાંથી દશ ટકા થાય.

આપણે પણ આ ધાન્યને અપનાવી રોગમુક્ત રહીએ. બાજરા, જુવાર, નાગલીના રોટલાની સાથે સિરિધાન્યમાંથી ઊપમા, ખીચડી, પુલાવ, શીરો, ઈડલી વગેરે મનગમતી આઈટમ બનાવીને આ ધાન્ય ખાવાની શરૂઆત કરી શકીએ. શરૂઆતમાં ઘઉંના લોટ સાથે જુવાર કે રાગીનો લોટ મિક્સ કરી રોટલી બનાવો. ખીચડી કે પુલાવમાં ચોખાની જગ્યાએ કોદો વાપરો. ઈડલીમાં ચોખાની જગ્યાએ રાગી વાપરો. ઊપમા બનાવવા માટે રવાની જગ્યાએ કાંગનો લોટ વાપરી શકાય. આવો આપણે આ જાડા ધાન્યને ભોજનમાં સ્થાન આપીએ.



### આધુનિક લાઇફસ્ટાઇલ સ્થુળતાને સરળતાથી આમંત્રણ આપે છે

**નાની વયમાં જ ખૂબ વધુ જાડિયા થઈ ગયેલા લોકો હેલ્થી લાઈફ સ્ટાઈલના ઓછામાં ઓછા ૧૯ વર્ષ ગુમાવી દે છે ડાયાબિટીસ અથવા હાર્ટના રોગથી મુક્ત એવી લાઈફ સ્ટાઈલ દરેક વ્યક્તિ ઇચ્છે છે પરંતુ ઓવર વેઈટ અથવા તો સ્થુળતાની નકારાત્મક અસર યુવા લોકોમાં જીવનને ઘટાડે છે**

# સ્થુળતાને લઇને તમામ લોકો પરેશાન

**ધુમ્રપાનની જેમ જ સ્થુળતા પણ ખુબ ખતરનાક છે : હાર્ટ અને અન્ય શરીરની ઘાતક બિમારીઓને ખુલ્લી આમંત્રણ મળી જાય છે**

સ્થૂળતાને લઈને આધુનિક સમયમાં વિશ્વના દેશોમાં રહેલા લોકો પરેશાન થયેલા છે. ભાગદોડની લાઈફસ્ટાઈલ, સમયનો અભાવ, ખાવાપીવાની ખરાબ ટેવ અને પૂરતી ઉંઘ નહીં મળવાની બાબત સહિતના જુદા જુદા પરિબળોના પરિણામ સ્વરૂપે સ્થૂળતાથી તમામ લોકો ગ્રસ્ત બની રહ્યા છે. ખૂબ ઓછા લોકોને આ વાતની માહિતી છે કે સ્થુળતા દરેક વ્યક્તિના આયુષ્યમાં ઓછામાં ઓછા આઠ વર્ષ સુધીનો ઘટાડો કરી દે છે.

આયુષ્યમાં ઘટાડો કરવાની સાથે સાથે જુદી જુદી બિમારીઓને આમંત્રણ આપી દેછે. જેના પરિણામ સ્વરૂપે જીવન વધારે મુશ્કેલભર્યું બની જાય છે અને ઘણા ધારાધોરણો નાની વયમાં જ પાળવાની ફરજ પડે છે. આ બાબત કોઈ અટકળ નથી પરંતુ કેનેડિયન અભ્યાસમાં સાબિત થઈ ચુક્યું છે. થોડાક સમય પહેલા જ કેનેડિયન અભ્યાસના તારણો લેન્સેટ, ડાયાબિટીસ એન્ડ ઈન્ડોક્રિનોલોજીના નામથી રજુ કરવામાં આવ્યા હતા. જેમાં સાફ શબ્દોમાં જણાવાયું હતુ કે સ્થૂળતા આઠ વર્ષ સુધીનું આયુષ્ય ઘટાડી શકે છે. સાથે સાથે ડાયાબિટીસ અને હાર્ટની લગતી બિમારીઓમાં અનેકઘણો વધારો કરી દે છે.

નાની વયમાં જ આ પ્રકારની ગંભીર બિમારીઓ કોઈ વ્યક્તિને ઘેરી લે તો તેની જીવન નરક બનવા તરફ આગળ વધે છે. વધારે પડતા વજન અને ઘટતી જતી લાઈફ વચ્ચે સીધા સંબંધો છે કે કેમ તેને આવરીલઈને કરવામાં આવેલા અભ્યાસમાં સંશોધકો એવા તારણ પર પહોંચ્યા કે તેમની વચ્ચે સીધા સંબંધો રહેલા છે. સ્થૂળ વ્યક્તિ ઓછા સમય સુધી પોતાનું જીવન ટકાવી શકે છે. હેલ્થી વર્ષો લાઈફમાં જતા રહે છે. ૨૦થી લઈને ૭૯ વર્ષની વયજૂથના ૪૦૦૦થી પણ વધુ લોકોને આવરી લઈને કરવામાં આવેલા આ અભ્યાસમાં આ મુજબની બાબત સપાટી પર આવ્યા બાદ એક બાબત નિશ્ચિત બની છે કે જે લોકો ખૂબજ સ્થૂળ બની ગયા છે તે લોકો જીવનના આઠ વર્ષ ગુમાવી શકે છે.

જ્યારે ઓવર વેઈટ ધરાવનાર લોકો પણ લાઈફના ત્રણ વર્ષ ગુમાવે છે. વધુમાં હેલ્થી લાઈફના વર્ષ ઓવર વેઈટ વાળા લોકો વધુ ગુમાવે છે. સામાન્ય વજન ધરાવનાર લોકોની સરખામણીમાં વધુ વજન ધરાવનાર લોકોની લાઈફ ઘણા વર્ષ સુધી ઘટી જાય છે. નાની વયમાં જ ખૂબ વધુ જાડિયા થઈ ગયેલા લોકો હેલ્થી લાઈફ સ્ટાઈલના ઓછામાં ઓછા ૧૯ વર્ષ ગુમાવી દે છે. ડાયાબિટીસ અથવા હાર્ટના રોગથી મુક્ત એવી લાઈફ સ્ટાઈલ દરેક વ્યક્તિ ઈચ્છે છે પરંતુ ઓવર વેઈટ અથવા તો સ્થુળતાની નકારાત્મક અસર યુવા લોકોમાં જીવનને ઘટાડે છે જેને ખૂબજ સાવધાનીપૂર્વક સમજવાની જરૂર છે અને સ્થૂળતાને રોકવાની દિશામાં પગલા પણ જરૂરી છે. વયની સાથે સાથે વજન ખૂબ મહત્વ રાખે છે. ધુમ્રપાનની જેમ જ ઓવરવેઈટ પણ ખતરનાક સાબિત થઈ શકે છે. તાજેતરમાં જ કરવામાં આવેલા અભ્યાસમાં જાણવામાં આવ્યું છે કે, જે રીતે મહિલાઓમાં સ્થૂળતા ઘણી બિમારીઓને આમંત્રણ આપે છે તેવી જ રીતે ઓછુ વજન પણ ઘણી બિમારીઓને આમંત્રમ આપે છે. આનો મતલબ એ થયો કે, સ્થૂળતા અને વધારે પડતુ ઓછુ વજન બંને ખતરનાક છે. જેથી મહિલાઓને પોતાના વજન બોડી માસ ઈન્ડેક્સ (બીએમઆઈ)મુજબ રાખવા તબીબો સલાહ આપે છે. બીએમઆઈ દરેક વ્યક્તિની હાઈટ અને વજન ઉપર આધારિત હોય છે. બોડી માસ ઈન્ડેક્સ અને અન્ય અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, ૪ ફુટ ૧૦ ઈંચની લંબાઈ ધરાવતી મહિલાઓનું વજન આદર્શ રીતે ૪૯-૫૪ કિલો, પાંચ ફુટની મહિલાઓનું વજન ૫૧-૫૭ કિલોગ્રામ હોવું જોઈએ. આવી જ રીતે મહિલાઓમાં પાંચ ફુટ એક ઈંચની લંબાઈ ધરાવતી મહિલાઓનું વજન ૫૨-૫૮ હોવું જોઈએ. વજન અને હાઈટ બંનેની ગણતરી સમતુલીત પણે કરવામાં આવે તે જરૂરી છે. ભારતીય તબીબ ડો. રચના ઝાલાએ કહ્યું છે કે, સ્થૂળતા અને વધારે પડતુ વજન સ્વાસ્થ્ય માટે ખતરનાક છે. સ્થૂળતાને કારણે એકબાજુ ડાયાબિટીસ, હાર્ટ સાથે સંબંધિત તકલીફ ઉભી થાય છે. બીજી બાજુ ડાઈટીંગ અને વધારે પડતું વજન ઉતારનાર મહિલાઓમાં પણ ઘણી બિમારીઓ ઘર કરી શકે છે. આધુનિક સમયમાં યુવતીઓ આકર્ષક દેખાવા માટે જીરો ફિગર મેળવવા પ્રયાસ કરે છે. જે ખતરનાક સાબિત થઈ શકે છે.

# સરકારને આશા હતી કે કોર્પોરેટ ટેક્સ ઓછો કરવાથી કંપનીઓ રોકાણ વધારશે

ગત દિવસોમાં એક કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કિસાન સન્માન નિધિ યોજનાનો તેરમો હપ્તો આપ્યો. તેના દ્વારા આઠ કરોડથી વધારે ખેડૂત પરિવારોના ખાતાંમાં કુલ ૧૬,૮૦૦ કરોડ રૂપિયાની રોકડ ધનરાશિ હસ્તાંતરિત કરવામાં આવી. ૨૦૧૯ની સામાન્ય ચૂંટણી પહેલાં મોદી સરકારે ખેડૂતો માટે વડાપ્રધાન કિસાન સન્માન નિધિ (પીએમ-કિસાન) યોજનાની શરૂઆત કરી હતી. આ પ્રશંસની યોજનામાં કિસાન પરિવારોની આર્થિક મદદ માટે ત્રણ બરાબર હપ્તામાં કુલ ૬૦૦૦ રૂપિયા પ્રતિ વર્ષ ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર એટલે કે ડીબીટીના માધ્યમથી સીધા તેમના બેંક ખાતાંમાં હસ્તાંતરણ કરવાની જોગવાઈ છે. અત્યાર સુધી આ યોજના અંતર્ગત લગભગ ૨.૫૦ લાખ કરોડ રૂપિયાનું હસ્તાંતરણ લાયક ખેડૂતોના ખાતામાં થઈ ચૂક્યું છે. આ યોજનામાં જોડાતાં પહેલાં લાભાર્થી ખેડૂતોના આધાર કાર્ડ, બેંક ખાતાં, જમીન માલિકીનાં કાગળ અને મોબાઈલ નંબર વગેરેના માધ્યમથી સંપૂર્ણ સત્યાપન કરવામાં આવે છે. આ યોજનાની સૌથી મોટી ખાસિયત એ છે કે તેમાં લાભાર્થીઓનાં બેંક ખાતાંમાં કોઈ વચેટિયા વગર ઈલેક્ટ્રોનિક માધ્યમથી એક બટન દબાવીને સીધી રકમ હસ્તાંતરિત થાય છે. તેનાથી એક તો આ ધનરાશિમાં લીકેજ અટકે છે એટલે કે ૧૦૦ ટકા રકમ સીધા લાભાર્થી ખેડૂતના ખાતામાં જ જાય છે અને તેમાં પ્રશાસનિક ખર્ચો પણ ઓછો થાય છે, જેનાથી સરકારી નાણાંની બચત થાય છે. આખા દેશના ખેડૂતો માને છે કે મોદી સરકારની આ યોજના તેમના માટે અત્યંત લાભકારી છે. ખેડૂતો માટે આ રકમ ખાતર, બીજ, તેલ વગેરે ખરીદવા, બાળકોની ફી, દવા, સિંચાઈ અને અન્ય નાનામોટા ખર્ચામાં બહુ કામ લાગે છે.

આગામી નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪માં આ યોજના માટે ૬૦,૦૦૦ કરોડ રૂપિયાના બજેટની જોગવાઈ કરવામાં આવી છે. આ રાશિ ગયા નાણાંકીય વર્ષના સંશોધિત બજેટ અનુમાન જેટલી જ છે. આ યોજનાને શરૂ થયે ચાર વર્ષથી વધુ સમય વીતી ગયો છે, પરંતુ હજુ સુધી તેને અંતર્ગત મળનારી ૬૦૦૦ રૂપિયાની રકમમાં કોઈ વધારો નથી કરવામાં આવ્યો. સરકારમાં બેઠેલા અર્થશાસ્ત્રી પણ એ વાતથી સહમત થશે કે વર્ષ ૨૦૧૯થી અત્યાર સુધી ફુગાવો એટલે કે મોંઘવારી દરને કારણે આ ધનરાશિના લગભગ એક તૃતિયાંશ મૂલ્યનું ધોવાણ થયું છે. જો ફક્ત મોંઘવારી દરના આધારે જ આકલન કરવામાં આવે તો આગામી નાણાંકીય વર્ષથી તેમાં મળનારી ધનરાશિને ૬૦૦૦ રૂપિયાથી વધારીને ૮૦૦૦ રૂપિયા કરવી જોઈતી હતી, પરંતુ પાછલાં ચાર વર્ષોમાં પાકના વધતા ખર્ચનું સંપૂર્ણ આકલન કરીએ તો આગામી નાણાંકીય વર્ષના બજેટમાં આ યોજના અંતર્ગત અપાતી ધનરાશિ ૬૦૦૦ રૂપિયાથી વધારીને ઓછામાં ઓછી ૧૨,૦૦૦ રૂપિયા કરવી અત્યંત જરૂરી છે. તેનાથી રાજકોષ પર ૬૦,૦૦૦ કરોડ રૂપિયાનો વધારાનો ભાર તો પડશે, પરંતુ તેનાથી કરોડો ખેડૂત પરિવારોનું ભલું અવશ્ય થશે. કેન્દ્ર સરકારે આગામી નાણાંકીય વર્ષ માટે લગભગ ૪૫ લાખ કરોડ રૂપિયાનું બજેટ રજૂ કર્યું છે. તેથી આ વધારાની ધનરાશિની ફાળવણી અને સમાયોજન કરવું બહુ કઠિન પણ નથી. ભવિષ્યમાં પણ આ યોજનાની ધનરાશિને ફુગાવાના દરમાં ઓછામાં ઓછા પાંચ ટકા ઉમેરીને દરેક વર્ષે વધારવામાં આવે, જેથી આ યોજનાની રકમનું આર્થિક મૂલ્ય સન્માનજનક બની રહે. જે અર્થશાસ્ત્રીઓ આ તર્ક સાથે સહમત ન હોય તેમને એ યાદ અપ ાવવું જરૂરી છે કે ૨૦૧૯માં ઘરેલુ કંપનીઓના આવકવેરા એટલે કે કોર્પોરેટ ટેક્સનો દર ૩૦ ટકાથી ઘટાડીને ૨૨ ટકા કરવાથી કેન્દ્ર સરકાર પર લગભગ ૧.૫૦ લાખ કરોડ રૂપિયાનો બોજ પડ્યો હતો, જે દર વર્ષે વધતો જાય છે. સરકારને આશા હતી કે કોર્પોરેટ ટેક્સ ઓછો કરવાથી કંપનીઓ રોકાણ વધારશે, પરંતુ એવું ન થયું. માંગના અભાવે જ્યારે મોટાભાગના ઉદ્યોગો પ ોતાની પૂરી ક્ષમતા પર ઉત્પાદન ન કરી રહ્યા હોય તો નવા ઉદ્યોગોમાં રોકાણનો કોઈ સવાલ જ પેદા નથી થતો. ઘરેલુ માંગ અને ઉપભોગથી આપ ણા જીડીપીના લગભગ ૬૦ ટકા ભાગ આવે છે. તેથી વૈશ્વિક અને અન્ય કારણોસર દેશની મંદ થતી અર્થવ્યવસ્થામાં ઘરેલુ માંગને ઉત્તેજન આપવું અત્યંત જરૂરી છે. તેના માટે ગ્રામીણ ક્ષેત્રોમાં ધનનો પ્રવાહ વધારવો પડશે, જ્યાં આજે પણ દેશની ૭૦ ટકા આબાદી વસે છે. જો પ્રત્યેક ખેડૂત પરિવારને પીએમ-કિસાન યોજનામાં ૧૨,૦૦૦ રૂપિયા દર વર્ષે મળવા લાગે તો ગ્રામીણ ક્ષેત્રોમાં તરત ખરીદશક્તિ વધશે અને આ રકમને ખર્ચ કરવાથી દેશની અર્થવ્યવસ્થામાં માંગ વધશે. માંગ વધવાથી વેચાણ, ઉત્પાદન અને અંતે રોજગાર પણ વધશે. ધનના આ વધારાના પ્રવાહની અર્થવ્યવસ્થા પર મલ્ટીપ્લાયર ઈફેક્ટ પડશે, જેનાથી અર્થવ્યવસ્થાને ગતિ મળશે. તેના પરિણામે સરકારે પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ, બંને તરફ વધુ ટેક્સ મળશે. જો વાસ્તવિક આર્થિક આકલન કરવામાં આવે તો પીએમ-કિસાન યોજના પર ખર્ચ કરવામાં આવેલ વધારાની રકમ વધેલા ટેક્સ રૂપે સરકાર પાસે પાછી આવી જશે. મંદીને માત આપીને પાંચ ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા બનવાનું સપનું ગ્રામીણ ભારતમાં વસતી ૭૦ ટકા આબાદીના આર્થિક સશક્તીકરણથી જ સંભવ છે. મોદી સરકારે ૨૦૧૪થી જ ગરીબ કલ્યાણ યોજનાઓ પર ભાર મૂક્યો છે, જેનો રાજકીય લાભ પણ ભાજપને મળ્યો છે. એક વર્ષ બાદ સામાન્ય ચૂંટણીઓ છે. ખેડૂતોને આશા છે કે સરકાર આગામી નાણાંકીય વર્ષના બજેટને પસાર કરાવતી વખતે પીએમ-કિસાન યોજનાની બજેટ ફાળવણી વધારીને ખેડૂતોની વાર્ષિક ઓછામાં ઓછા ૧૨,૦૦૦ રૂપિયા પ્રતિ ખેડૂત હસ્તાંતરણ કરવા ચોક્કસ નક્કી કરશે.


Cyber Octet™
CYBER SECURITY AND
ETHICAL HACKING
TRAINING IN AHMEDABAD
BECOME A CYBER SECURITY SPECIALIST
WITH FALGUN RATHOD
Learn Ethical Hacking & Cyber Security
WHY JOIN CYBER OCTET ?
LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
TASK AND RESEARCH BASED TRAINING
100 % PLACEMENT ASSISTANCE
LIVE PROJECTS
INTERNATIONAL ACCREDIATION
TRAINING BY:-
THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT
ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)
WHO CAN JOIN
STUDENTS
WORKING PROFESSIONALS
BUSINESS OWNERS
Contact Now
C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad
91 7405321234
info@cyberoctet.com
www.cyberoctet.com




# પીએમ મોદી ૨૫ નવેમ્બરે અયોધ્યામાં ધ્વજ ફરકાવશે

। અયોધ્યા, તા.૯ ।

